જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧/૨૦૧૭ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૯/૧૭**

**જુના દરની ૧૦૦૦ તથા ૫૦૦ ની મળી કુલ રૂપીયા ૭.૯૦.૦૦૦/- સાથે રાજેશભાઇ ઇશ્વરભાઇ પરમાર ઉ.વ.૪૫ ને સી.આર.પી.સી.કલમ ૪૧(૧)(ડી) મુજબ ધરપકડ કરનાર અર્પિતા પટેલ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “એલ” ડીવિઝન અમદાવાદ શહેર**

તા.૨૦/૧/૧૭ નારોજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “એલ” ડીવિઝન તથા સાથેના સ્ટાફના પો.કો.રાજેશકુમાર ચંદુભાઇ બ.નં.૬૮૯૦,પો.કો.મહેશકુમાર ગેમરભાઇ બ.નં.૬૭૬૮ પો.કો.પ્રવિણભાઇ કાળુભાઇ બ.નં૩૦૧૪ તથા બીજા સ્ટાફના માણસો સાથે રાણીપ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૮/૦૦ વાગે સુભાષબ્રીજ સર્કલ આવતા ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે, કલેક્ટર કચેરી સામે આશ્રય હોટલ નીચે બેન્ક ઓફ મહારાસ્ટ્ર સામે એક ઇસમ જુની નોટો લઇ આવી તેના બદલામાં બીજા ઇસમ પાસેથી નવી નોટો ૨૫ ટકા કમિશનથી બદલાવી લઇ જનાર છે. જે બાતમી હકીકત આધારે સદરી ઇસમની વોચમાં રહેવા સારૂ બે પંચોના માણસો બોલાવી હકીકતથી વાકેફ કરી પંચોએ પંચમાં રહેવા સ્વખુશી દર્શાવતા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “એલ” ડીવિઝન તથા પંચો તથા સ્ટાફના માણસો છુટા છવાયા આશ્રય હોટલની આજુ બાજુ વોચમાં હાજર હતા અને થોડી વારમાં એક ઇસમ મોરારજી દેસાઇની સમાધી તરફથી ગાંધી અશ્રમ તરફથી ચાલતો આવતો હોય જેને પંચોને ઇશારાથી બતાવી તેના હાથમાં કાળા તથા લાલ કલરનો થેલો લઇ આશ્રય હોટલ આવી આમતેમ આંટા ફેરા મારતો હોય અને શંકાસ્પદ જણાતો હોય તેને કોર્ડન કરી રોકી લઇ પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ રાજેશ ઇશ્વરભાઇ પરમાર (ઉ.વ.૪૫) (ધંધો-ટ્રાન્સપોર્ટ) (રહે,સી/૭ નાકોડા એપાર્ટમેન્ટ સિવીલ હોસ્પીટલ પાછળ શાહીબાગ અમદાવાદ શહેર ના હોવાનુ જણાવેલ જેની પાસેના કાળા તથા લાલ કલરના થેલાની તપાસ કરતા તેની અંદર પ્લાસ્ટીકના ઝભલામાંથી રૂપિયા ૧૦૦૦ ના દરની ૫૯૯ નોટો જુના દરની રૂપિયા ૫,૯૯,૦૦૦/- તથા રૂપિયા ૫૦૦ ના દરની જુની નોટો ૩૮૨ જુના દરની રૂપિયા ૧,૯૧,૦૦૦/- સદરીના પેન્ટના ખિસ્સામાંથી એક એપલ કંપનીનો મોબાઇલ ફોન જેમાં સિમ કાર્ડ બી.એસ.એન.એલ કંપનીનુ ૯૪૨૬૮૦૧૧૧૨ નંબરનુ હતુ. જેની કિમત રૂપિયા ૬૦૦૦/- મળી કુલ રૂપિયા ૭,૯૬,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડાયેલ તે નાણા બાબતે પુછ પરછ કરતા કોઇ સંતોષ કારક જવાબ આપતો ન હોય તેમજ ગલ્લા તલ્લા કરતો હોય જેથી રાણીપ પોલીસ સ્ટેશન જાણવા જોગ નંબર-૦૫/૧૭ સી.આર.પી.સી.કલમ ૪૧(૧)(ડી) ના કામે તા.૨૦/૧/૧૭ સાંજના ૭/૩૦ વાગે પકડી અટક કરી, આ બાબતની જાણ ઇન્કમટેક્ષ તેમજ આર.બી.આઇ.ને કરી આગળની તપાસ હાથ ધરી છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)